# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/174 Dt. 08/10/2025

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા કામદાર વીમા યોજનાની સ્પ્રી અને એમ્નેસ્ટી યોજનાઓ વિશે સેમિનાર યોજાયો

## એમ્નેસ્ટી યોજના હેઠળ કંપનીઓને કોર્ટ બહાર પતાવટની ઉમદા તકઃ ESICના સંયુક્ત નિયામક (SRO –સુરત) શ્રી દીપક મલિક

## સ્પ્રી યોજના જૂની બાકી વિના પાત્ર કામદારોને આ વીમા યોજના હેઠળ લાવે છેઃ એડવોકેટ શ્રી આનંદ મહેતા

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા તા. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ સાંજે ૫:૩૦ કલાકે સંહતિ, સરસાણા, સુરત ખાતે ESIC's SPREE અને AMNESTY Scheme વિષે સેમિનાર યોજાયો હતો. આ સેમિનારનો ઉદ્દેશ કર્મચારી રાજ્ય વીમા નિગમ (ESIC) હેઠળની આ મહત્વપૂર્ણ યોજનાઓની મુખ્ય જોગવાઈઓ, તેના લાભો અને પાલનના પાસાઓ વિશે ઉદ્યોગના સભ્યોમાં જાગૃતિ લાવવાનો હતો.

સિનિયર લેબર લો કન્સલ્ટન્ટ એડવોકેટ શ્રી આનંદ મહેતાએ સ્પ્રી યોજના વિશે તેમના મુખ્ય સંબોધનમાં જણાવ્યું હતું કે સ્પ્રી– ૨૦૨૫ (નોકરીદાતાઓ અને કર્મચારીઓની નોંધણીને પ્રોત્સાહન આપવાની યોજના) તા. ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી કાર્યરત રહેશે. આ યોજના હેઠળ જે ઉદ્યોગો અને કર્મચારીઓ હજુ સુધી

ઇ.એસ.આઇ.સી. સાથે સંકળાયેલા નથી તેઓ જૂની બાકી રકમની માંગણી વિના ઇ.એસ.આઇ. પોર્ટલ દ્વારા નોંધણી કરાવી શકે છે. આ યોજનાનું ધ્યાન શિક્ષાત્મક પગલાંને બદલે સ્વૈચ્છિક પાલન પર છે. સ્પ્રી યોજનામાં જોડાતી કંપનીઓ અને કર્મચારીઓને પણ નવા ગણવામાં આવશે. તેમના માટે જૂની જવાબદારીઓ રહેશે નહીં તેમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

ઇ.એસ.આઇ.સી.ના સંયુકત નિયામક (SRO–સુરત) શ્રી દીપક મલિકે એમ્નેસ્ટી યોજના પર વિગતવાર માહિતી આપતા કહ્યું હતું કે, સામાજિક સુરક્ષા માળખાને મજબૂત કરવા અને ઉદ્યોગો માટે પાલનને સરળ બનાવવાની દિશામાં કર્મચારી રાજ્ય વીમા નિગમે બે મુખ્ય પહેલ જેવી કે સ્પ્રી– ૨૦૨૫ અને એમ્નેસ્ટી યોજના– ૨૦૨૫ શરૂ કરી છે. તેમણે આ યોજના હેઠળ રાહતના પગલાં અને ચૂક કરનારી સંસ્થાઓ માટે દંડાત્મક પરિણામો વિના તેમની ભૂતકાળની જવાબદારીઓને નિયમિત કરવા માટેની તકો સમજાવી હતી.

એમ્નેસ્ટી યોજના ૧ ઓકટોબરથી શરૂ થઈ છે અને ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૬ સુધી ચાલુ રહેશે. ઈએસઆઈસી યોજનામાં આકારણી થઈ હોય અને પડકારવામાં આવ્યા હોય એવા કેસો કોર્ટ બહાર પતાવટની તક આપે છે. તેમણે નોકરી છૂટી જવાના કિસ્સામાં પણ વીમા યોજના હેઠળ મળતા લાભો, કામદારોના સંતાનોને ઈએસઆઈસી મેડિકલ કોલેજમાં મળતા લાભ વિશે માહિતી આપી તેનો લાભ લેવા અપીલ કરી હતી.

ચેમ્બરના ગૃપ ચેરમેન ડો. વિજય રાદડિયાએ સ્વાગત પ્રવચન કરી સેમિનારમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. સેમિનારનું સમાપન પ્રશ્નોત્તરી સાથે થયું હતું, જેમાં ભાગ લેનારાઓએ અમલીકરણના વ્યવહારુ પાસાઓ પર સ્પષ્ટતા માગી હતી. ઉદ્યોગો અને સરકારી વિભાગો વચ્ચે સેતુ તરીકે સેવા આપવા માટે ચેમ્બરની સતત પ્રતિબદ્ધતા દર્શાવતા આ સેમિનારમાં ઉદ્યોગ સાહસિકો, વ્યાવસાયિકો અને સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.